(૧૫)

**પ્ર.૧ માંગ્યા પ્રમાણે લખો.**

**૧. મૂળ પાઠ લખો.**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| સિદ્ધાંતને | **આગમે** | અક્ષય | **મક્ખય** |
| શલ્યોને કાપનાર છે | **સલ્લકત્તણં** | સુંદર | **કંતં** |
| ઘણું સૂતા રહેવાથી | **પગામસિજ્જાએ** | શ્રુતજ્ઞાનને વિશે | **સુએ** |

**૨. પાઠની પૂર્તિ કરો.** ફાસુય **એસણિજ્જેણં અસણં પાણં ખાઈમં સાઈમં વત્થ** પડિગ્ગહ

**૩. આ શબ્દો ક્યાં પાઠમાં છે?**

| | જવાબ |
|---|---|
| રય | **સામાયિકના પાંચમા પાઠમાં, બીજા અને પાંચમા શ્રમણસૂત્રમાં** |
| પદ | **માંગલિકમાં, સામાયિકના આઠમા પાઠમાં** |
| સિવ | **સામાયિકના સાતમા પાઠમાં** |
| મિત્તી | **ક્ષમાપના સૂત્રમાં** |
| પડી | **ત્રીજા વ્રતમાં** |
| ઈટ્ઠં | **સંથારામાં** |

**૪. અર્થ લખો.**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| તિકટ્ટુ | **એમ કરીને, વિચારીને** | ઠાએમિ | **એક સ્થાને બેસીને કરું છું** |
| કિલામો | **બાધા–પીડા થઈ હોય તો** | ન સોહિયં | **શુદ્ધતાપૂર્વક કર્યું ન હોય** |
| તાવ | **ત્યાં સુધી** | સેવણા | **સેવા કરવી, ઉપાસના કરવી** |

૫. ઉવભોગ અને પરિભોગ એટલે શું? તેની મર્યાદા કરવાથી શું લાભ થાય છે?

**જ. જે પદાર્થ ફક્ત એક જ વખત વાપરી શકાય તે ઉવભોગ. જેમ કે અનાજ, પાણી વગેરે. જે વારંવાર વાપરી શકાય તેવા પદાર્થ પરિભોગ. જેમ કે વસ્ત્ર, આભૂષણ, શય્યા વગેરે.**

**૧) ઈચ્છા ઓછી થાય છે, આવશ્યકતાઓ ઘટે છે. ૨) જીવન સંતોષી અને ત્યાગી બને છે. ૩) ધર્મ આચરણ માટે વધુ સમય મળે છે. ૪) ઘણો મોટો કર્મબંધ અટકે છે.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાન અષ્ટ પ્રવચન માતામાં કેવી રીતે રહેતા હતા? (૨×૨)

**જ. સંસારની અસારતા અને તત્ત્વના સ્વરૂપને જાણી, ભગવાન પોતાની મેળે જ આત્મશુદ્ધિ દ્વારા મન, વચન, કાયાના યોગોને વશમાં કરી, માયા રહિત, ક્રોધ આદિ કષાય રહિત સદા શાંત જાવજ્જીવ સુધી ૫ સમિતિ અને ૩ ગુપ્તિયુક્ત રહેતા હતા.**

૨. ભગવાન કેવા આહાર માટે સમભાવ ધારણ કરતા હતા?

**જ. ભિક્ષામાં પ્રાપ્ત થયેલો આહાર દૂધ–ઘીથી યુક્ત હોય કે લૂખો–સૂકો હોય, ઠંડો હોય કે વાસી હોય, ઘણા દિવસના અડદ કે જૂના ધાન્યનો હોય, જવ આદિ નીરસ ધાન્યનો હોય. તે મળે કે ન મળે તો પણ ભગવાન સમભાવ ધારણ કરીને રહેતા હતા.**

૩. શેષકાળમાં ભગવાને કયા આહારનું સેવન કર્યું હતું? (૧)

**જ. શેષકાળમાં ભગવાને લૂખા–સૂકા ભાત, બોરનો ભૂક્કો, અડદના બાકુળાનું સેવન કર્યું હતું.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ત્રસ જીવ કેટલા પ્રકારના છે? કયા કયા?

**જ. ત્રસ જીવ ત્રણ પ્રકારના છે. તેજસ્કાયિક, વાયુકાયિક, ઉદાર (સ્થૂલ) ત્રસ પ્રાણી.**

૨. વલયાકાર એટલે શું? તે કેટલા છે? કયા કયા?

**જ. વલયાકાર એટલે માંડલિક, ગોળ પર્વત છે. તે ત્રણ છે. માનુષોત્તર પર્વત, કુંડલવર પર્વત, રુચકવર પર્વત.**

૩. સંપૂર્ણ પૃથ્વી ચલિત થવાનું બીજું કારણ લખો.

**જ. સંપૂર્ણ પૃથ્વી ચલિત થવાનું બીજું કારણ – મહાઋદ્ધિસંપન્ન યાવત્ મહાશક્તિશાળી, મહાસુખી મહોરગ દેવ તથારૂપના શ્રમણ–માહણને પોતાની ઋદ્ધિ, ધુતિ, યશ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ બતાવે ત્યારે.**

૪. તારા ચલિત થવા એટલે શું? તેના કારણ કયા છે?

**જ. તારા ચલિત થવા એટલે તારા ચાલતા દેખાવા. તેના કારણ – ૧) આકાશમાં ઊંચે દેવો વૈક્રિય રૂપ કરે ત્યારે. ૨) દેવો પરિચારણા કરે ત્યારે. ૩) તારાના વિમાન એક સ્થાનેથી બીજે સ્થાને સંક્રમણ કરે ત્યારે.**

૫. દેવ કેટલા કારણે ઉદ્વેગને પ્રાપ્ત કરે છે? તેનું બીજું કારણ લખો.

**જ. દેવ ત્રણ કારણે ઉદ્વેગને પ્રાપ્ત કરે છે. તેનું બીજું કારણ – અહો ! મારે અહીંથી ચ્યવીને ગર્ભાવાસમાં જતા જ સર્વ પ્રથમ માતાના રજ અને પિતાના શુક્ર, વીર્યના સંમિશ્રણરૂપ આહાર ગ્રહણ કરવો પડશે.**

**(૧૦)**

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ય સાર્થવાહ કોના માટે માર્ગદર્શક હતા?

**જ. ધન્ય સાર્થવાહ રાજગૃહ નગરના વેપારીઓ, શ્રેષ્ઠીઓ અને સાર્થવાહો વગેરેના ઘણા કાર્યોમાં, કુટુંબોમાં, અને મંત્રણાઓમાં માર્ગદર્શક હતા. પોતાના કુટુંબમાં પણ ઘણા કાર્યોમાં તે ચક્ષુસમાન માર્ગદર્શક હતા.**

૨. વિજય ચોર જેવી દશા કોની થાય છે?

**જ. સાધુ–સાધ્વી આચાર્ય, ઉપાધ્યાય પાસે મુંડિત થઈ, ગૃહત્યાગ કરી, સાધુત્વની દીક્ષા અંગીકાર કરીને વિપુલ ધન, મણિ, મોતી, સોનું, રત્નો આદિ વિપુલ વૈભવમાં લુબ્ધ થઈએ તો વિજય ચોર જેવી દશા થાય છે.**

૩. ઉદકરત્ન માટે જિતશત્રુએ સુબુદ્ધિને શું કહ્યું?

**જ. ઉદકરત્ન માટે જિતશત્રુએ સુબુદ્ધિને કહ્યું કે હે સુબુદ્ધિ ! હું તમારા માટે કયા કારણથી એકાંત, અનિષ્ટ, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર છું, જેથી તમે દરરોજ ભોજન સમયે પીવા જેવું જલ મને મોકલતા નથી. હે દેવાનુપ્રિય ! આવું ઉત્તમ જલ તમને ક્યાંથી મળ્યું?**

૪. દીક્ષાની આજ્ઞા લેવા સુબુદ્ધિએ જિતશત્રુને શું કહ્યું?

**જ. દીક્ષાની આજ્ઞા લેવા સુબુદ્ધિએ જિતશત્રુને કહ્યું કે રાજન્ ! મેં સ્થવિરો પાસે જૈન ધર્મ સાંભળ્યો છે. આ ધર્મ મને બહુ ગમે છે, રુચિકર લાગે છે, સ્વામી ! સંસારના ભયથી હું ભયભીત બનેલ છું અને આપની આજ્ઞા લઈને દીક્ષા લેવા ઈચ્છું છું.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧. પાલન કરવા ઉદ્યમવંત થયો છું–**ધન્ય સાર્થવાહે ધર્મઘોષ આચાર્યને કહ્યું.**
૨. તમે જેમ કહો છો તેમ જ છે–**જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ પ્રધાનને કહ્યું.**

**(૧૫)**

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સાપરૂપી દેવનું વર્ણન કરો.

**જ. સાપ ઉગ્ર વિષયુક્ત હતો. સ્વભાવથી જટિલ, ભયાનક, કર્કશ, કઠોર અને વિકટ–વિસ્તીર્ણ પોતાની ફેણનો આડંબર કરવામાં નિપુણ–હોંશિયાર હતો. ધગધગતી લોઢાની ભટ્ઠી જેવો, ધમધમ શબ્દ કરી રહ્યો હતો, રોકવાને અશક્ય એવો તીવ્ર પ્રચંડ રોષથી યુક્ત હતો.**

૨. પિશાચરૂપી દેવે કામદેવ શ્રાવકને બીજીવાર શું કહ્યું?

**જ. પિશાચરૂપી દેવે કામદેવ શ્રાવકને બીજીવાર કહ્યું કે, અપ્રાર્થિતની પાર્થના કરવાવાળા હે કામદેવ ! જો તું આજે શીલવ્રત વગેરેનો ત્યાગ નહિ કરે તો તલવારથી તારા ટુકડેટુકડા કરી દઈશ, જેથી તું અકાળે જ મૃત્યુને પામીશ.**

૩. કામદેવની સંપત્તિનું વર્ણન કરો.

**જ. કામદેવે ૬ કરોડ સોનામહોર નિધાનમાં મૂકેલી હતી, ૬ કરોડ સોનામહોર વેપારમાં અને ૬ કરોડ સોનામહોર**

**ઘરવખરી, ધાન્ય આદિરૂપે ખજાનારૂપે રોકેલ, જે સુરક્ષિત હતી. તેમની પાસે ૧૦ હજાર ગાયોના એક વ્રજના હિસાબે છ વજ્ર એટલે ૬૦ હજાર ગાયો હતી.**

૪. સાધુ–સાધ્વીની સહનશીલતા કેવી હોય?

**જ. સાધુ–સાધ્વી તો અષ્ટપ્રવચન માતાથી લઈ દ્વાદશાંગીરૂપ ગણિપિટક, શ્રુતજ્ઞાનના ધારક હોય છે. તેથી તેમણે તો દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરવા જ જોઈએ.**

૫. શક્રેન્દ્રએ દેવલોકમાં કામદેવ શ્રાવકના શું વખાણ કર્યા હતા?

**જ. હે દેવો ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ચંપા નામે નગરી છે. તેમાં કામદેવ શ્રાવક પોતાની પૌષધશાળામાં રહીને શ્રમણ ભગ. મહા. સ્વામીએ કહેલ ધર્મનું પાલન કરી રહ્યા છે. કોઈપણ દેવ, દાનવ, ગંધર્વ વગેરે તે કામદેવ શ્રાવકને નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધાથી ચલાયમાન કરવા, ક્ષુભિત કરવા કે ભ્રષ્ટ કરવા અસમર્થ છે.**

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. અનીકસેનના લગ્ન કેટલી કન્યાઓ સાથે થયા? તે કન્યાઓ કેવી હતી? તે કન્યાઓને શું આપ્યું? (૨×૨)

**જ. અનીકસેનના લગ્ન ૩૨ શ્રેષ્ઠ કન્યાઓ સાથે થયા. તે કન્યાઓ સમાન વય, સમાન ત્વચા, સમાન લાવણ્ય, રૂપ યૌવન તેમ જ સુશીલતા આદિ ગુણોથી યુક્ત હતી. તે કન્યાઓને ૩૨ કરોડ ચાંદીના સિક્કા તેમ જ અન્ય ૩૨ પ્રકારની અન્ય વસ્તુઓ આપી.**

૨. અનીકસેનના માતા–પિતા કોણ હતા? ત્રણેનું વર્ણન કરો.

**જ. અનીકસેનની માતા – સુલસા. સુલસા અત્યંત કોમળ અને સ્વરૂપવાન હતી, પિતા – નાગ ગાથાપતિ. ઘણા સમૃદ્ધશાળી અને અપરાભૂત હતા. અનીકસેન ઘણો કોમળ અને સ્વરૂપવાન હતો.**

૩. અનીકસેને દીક્ષા લીધા પછી શું કર્યું? અનીકસેન કયા પર્વત પર સિદ્ધ થયા? (૧)

**જ. અનીકસેને દીક્ષા લીધા પછી સામાયિકથી ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું. અનીકસેન શત્રુંજય પર્વત પરથી સિદ્ધ થયા.**

**(૫)**

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ના અણગારના પગ કેવા થઈ ગયા હતા? (૨×૨)

**જ. ધન્ના અણગારના પગ સૂકાયેલા વૃક્ષની છાલ હોય, લાકડાની પાદુકા (ચાખડી) અથવા જીર્ણ થયેલા જૂતા હોય એમપગ સૂકાઈ ગયા હતા, માંસ રહિત થઈ ગયા હતા.**

૨. અનુત્તરોવવાઈયના કેટલા વર્ગ છે? ત્રીજા વર્ગમાં કેટલા અધ્યયન છે? ૭ થી ૧૦ અધ્યયનના નામ લખો.

**જ. અનુત્તરોવવાઈયના ત્રણ વર્ગ છે. ત્રીજા વર્ગમાં દશ અધ્યયન છે. ૭) પૃષ્ઠિમાતૃકા કુમાર ૮) પેઢાલ કુમાર ૯) પોટ્ટિલ કુમાર ૧૦) વેહલ્લ કુમાર.**

૩. કાકંદી નગરી શેનાથી સમૃદ્ધ હતી? (૧)

**જ. કાકંદી નગરી જન, ધન અને ભવનોથી સમૃદ્ધ હતી.**

**(૧૫)**

**પ્ર.૭ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૪)**

૧. અગ્ગબીયા **મૂલબીયા પોરબીયા ખંધબીયા બીયરુહા** સંમુચ્છિમા

૨. સિએણ વા **વિહુયણેણ વા તાલિયંટેણ વા પત્તેણ વા પત્તભંગણે વા** સાહાએ

૩. શેના પર બેસે નહિ તે મૂળપાઠ અર્થ સાથે લખો. (૫)

**જ. બીએસુ વા–બીજ પર, બીયપઈટ્ઠેસુ વા–બીજ પર રાખેલી શય્યા આસન આદિ પર, રૂઢેસુ વા–અંકુરિત વનસ્પતિ પર, રૂઢપઈટ્ઠેસુ વા– અંકુરિત વનસ્પતિ પર રાખેલ આસન આદિ પર, જાએસુ વા–પાંદડા આવવાની અવસ્થાવાળી વનસ્પતિ પર, જાયપઈટ્ઠેસુ વા–પાંદડા આવવાની અવસ્થાવાળી વનસ્પતિ પર રાખેલા આસનાદિ પર, હરિએસુ વા–લીલા ઘાસ વગેરે પર, હરિયપઈટ્ઠેસુ વા–લીલા ઘાસ વગેરે પર**

**રાખેલા આસનાદિ પર, છિન્નેસુ વા–વૃક્ષની કપાયેલી ડાળ પર, છિન્નપઈટ્ઠેસુ વા– વૃક્ષની કપાયેલી લીલી ડાળ પર રાખેલા આસન આદિ પર, સચિત્તેસુ વા–એવી વનસ્પતિ જેના પર ઈંડા વગેરે પર હોય, સચિત્ત કોલપડિનિસ્સિએસુ વા–ઉધઈ લાગેલી હોય તેવા લાકડા પર.**

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. સંકુચિયં – **શરીર સંકોચનારા** ૨. ન ફુમિજ્જા – **ફૂંક મારે નહિ** ૩. મહિયં વા – **ધુમ્મસના પાણીનો**

૪. હત્થંસિ વા – **હાથ પર** ૫. અજ્ઝયણં – **અધ્યયન છે** ૬. પવુચ્ચઈ – **કહ્યો છે**

**(ક) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૩)**

૧. આ પ્રકારના – **તહપ્પગારે** ૨. અન્ય દ્વારા – **અણ્ણં** ૩. અંગારાને – **ઈંગાલં વા**

(૧૦)

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મિશ્રકાળ કોને કહેવાય? ઉદા. સાથે લખો. મિશ્ર કાળ કઈ ગતિમાં હોય? સંસાર સંસ્થાન કાળનો અલ્પ બહુત્વ લખો. (૬)

**જ. મિશ્ર કાળ : તે વિવક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાંથી એક જીવ પણ તેને ભેગો થાય તો અનંત ભવોનો તે કાળ તે જીવની દૃષ્ટિ તે ગતિનો મિશ્ર કાળ છે. ઉદા. ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા, તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્ય થઈને ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના ૧૦૦ નારકીમાંથી ઓછામાં ઓછો એક કે તેથી વધુ (પણ બધા નહિ) નારકી ત્યાં હોય તે મિશ્ર કાળ.**

**મિશ્ર કાળ ચારે ગતિમાં હોય છે.**

**સર્વથી થોડો મનુષ્ય સંસાર સંસ્થાનકાળ, તેથી નારકી સંસાર સંસ્થાનકાળ અસંખ્યાતગુણો, તેથી દેવ સંસાર સંસ્થાનકાળ અસંખ્યાતગુણો, તેથી તિર્યંચ સંસાર સંસ્થાનકાળ અનંતગુણો.**

૨. ક્રન્દન, વિગય ત્યાગ, ચક્ષુ દર્શન, સામાયિક ઈહભવિક, પરભવિક કે તદુભયભવિક છે? (૨×૨)

**જ. ક્રન્દન, વિગય ત્યાગ, ચક્ષુ દર્શન, સામાયિક ચારે ઈહભવિક છે પરભવિક કે તદુભયભવિક નથી.**

૩. ચારિત્ર ક્યાં અસંભવ છે? શા માટે?

**જ. ચારિત્ર મોક્ષ ગતિમાં અસંભવ છે કારણ કે ચારિત્ર અંગીકાર કર્મના ક્ષય માટે છે અને મોક્ષમાં ચારિત્રનું કોઈ પ્રયોજન નથી.**

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૩૩ બોલમાંથી ચાર લેશ્યાવાળા દેવ–દેવીના બોલનો અલ્પ બહુત્વ લખો.

**જ. સર્વથી થોડા ભવનપતિની દેવીમાંથી નીકળી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા, તેથી ભવનપતિના દેવમાંથી નીકળી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, તેથી વાણવ્યંતરની દેવીમાંથી નીકળી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, વાણવ્યંતરના દેવમાંથી નીકળી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા સંખ્યાતગુણા.**

| ૨. સિદ્ધ દ્વારમાં બુદ્ધ દ્વાર લખો. | | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
|---|---|---|---|
| **જ. આચાર્ય કે વડીલ સાધુ–સાધ્વી પાસે પ્રતિબોધિત થઈને** | | | |
| | **પુરુષ સિદ્ધ થાય તો** | **૧** | **૧૦૮** |
| | **સ્ત્રી સિદ્ધ થાય તો** | **૧** | **૨૦** |
| | **નપુંસક સિદ્ધ થાય તો** | **૧** | **૧૦** |

૩. અપર્યાપ્તા અને પર્યાપ્તા જીવોના ઢગલા કેટલા? કોણ વધારે કોણ ઓછા? તેનો અલ્પબહુત્વ લખો.

**જ. અપર્યાપ્તાના ૨ ઢગલા અને પર્યાપ્તાના ૨૫૪ ઢગલા. પર્યાપ્તાના ઢગલા વધારે અને અપર્યા.ના ઢગલા ઓછા. સર્વથી થોડા અપર્યાપ્તા તેથી પર્યાપ્તા સંખ્યાતગુણા.**

૪. ઉ. ૨૦ સિદ્ધ થાય તેવા બોલના નામ લખો. જે ક્ષેત્રમાં ૧ સમયમાં ત્રણ સિદ્ધ થાય તે ક્ષેત્રમાં કેટલા સમય

સુધી નિરંતર સિદ્ધ થાય? પછી શું થાય?

**જ. ઉ. ૨૦ સિદ્ધ થાય તેવા બોલના નામ – મહાવિદેહ ક્ષેત્રની દરેક વિજયમાંથી, અવસર્પિણીના પાંચમે આરે, જ્યોતિષી–વૈમાનિક દેવી, સ્ત્રી લિંગ, સ્ત્રી બોધિત થઈને.**

**જે ક્ષેત્રમાં ૧ સમયમાં ત્રણ સિદ્ધ થાય તે ક્ષેત્રમાં એક સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી બીજા સમયમાં અંતર પડે છે.**

૫. ૨૫૬ રાશિમાં ૫ થી ૮ બોલનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા શાતા વેદનીય વેદવાવાવાળા, તેથી ઈન્દ્રિય ઉપયોગવાળા સંખ્યાતગુણા, તેથી અનાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા, તેથી સાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પ્રકીર્ણક સમવાયમાં શું છે? ૭ મા અને ૧૮ મા સમવાયમાં શેનું વર્ણન છે? (૩)

**જ. પ્રકીર્ણક સમવાય નામના અધ્યયનમાં સૂત્ર ૧ થી ૮૭ સુધી છે. આ પ્રકીર્ણક સૂત્રમાં ગણિપિટક દ્વાદશાંગી આદિ વિષયોનું પણ સંકલન છે. જે મૂળ આગમના પરિશિષ્ટરૂપ છે.**

**સાતમા સમવાયમાં – ૭ ભય, ૭ સમુદ્ઘાત, ક્ષેત્ર વગેરે. અઢારમા સમવાયમાં – ૧૮ બ્રહ્મચર્ય, આચરના ૧૮ સ્થાન આદિ.**

૨. રાયપસેણીયમાં કોની કથા છે? કેટલી ગાથા છે? (૧×૨)

**જ. રાયપસેણીયમાં કેશી સ્વામી અને પરદેશી રાજાની કથા છે. ૨૦૭૮ ગાથા છે.**

૩. સંત સમાગમ ખૂનીને પણ ...... બનાવી ...... અપાવી શકે છે.

**જ. સમભાવી, દેવલોક.**

**જય – જિનેન્દ્ર**